# નવાનાગના સોસાયટીના રહેવાસીઓ દ્વારા મૃત પશુઓના પ્રશ્ને ધરણા



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : નવાનાગના રહેણાક સોસાયટીથી માત્ર ૫૦ મીટરના અંતરે દરરોજ ૨૦ થી ૩૦ મૃત પશુઓ નાખવામાં આવે છે. પરિણામે ઉત્પન્ન થતી ભયાનક ગંદકી અને અસહ્ય દુર્ગંધને કારણે સ્થાનિકોને શ્વાસ લેવો પણ મુશ્કેલ બની રહ્યો હોવાની રાવ સાથે જામ્યુકોમાં રજુઆત કરાઈ હતી. જામનગરના નવાનાગના, વિભાપરના ગામના લોકોને શ્વાસ લેવો મુશ્કેલ? મોઢે રૂમાલ અને માસ્ક બાંધી સ્થાનિકોએ તસ્ક્ઝ કચેરીએ ધરણા કર્યા હતા.

રજૂઆતમાં જણાવાયા અનુસાર નવાનાગના રહેણાક સોસાયટીથી માત્ર ૫૦ મીટરના અંતરે દરરોજ ૨૦ થી ૩૦ મૃત પશુઓ નાખવામાં આવે છે. માત્ર ૧૫૦૦-૨૦૦૦ ચોરસ મીટરની જગ્યામાં આટલા પશુઓના શબ નાખવાથી નિકાલની પ્રક્રિયા ઠપ થઈ ગઈ છે. પરિણામે ઉત્પન્ન થતી ભયાનક ગંદકી અને અસહ્ય દુર્ગંધને કારણે નવાનાગના, જૂના નાગના અને વિભાપર એમ ત્રણ ગામના ૧૨,૦૦૦ થી વધુ લોકોનું જીવવું મુશ્કેલ થઈ ગયું છે.

"તંત્ર દ્વારા કાગળ પર જે વૈજ્ઞાનિક પ્રક્રિયાના બણગા ફૂંકવામાં આવે છે, તે પાયાવિહોણા છે. સામાન્ય ગણિત અને વિજ્ઞાન પણ સમજી શકે છે કે માત્ર ૧૫૦૦ થી ૨૦૦૦ ચોરસ મીટરની મર્યાદિત જગ્યામાં દરરોજ ૨૫ થી ૩૦ પશુઓના મૃતદેહનો સંપૂર્ણ નિકાલ કરવો અશક્ય છે. કાગળ પર કદાચ પ્રોસેસ પૂરી થતી હશે. પણ વાસ્તવિકતામાં ત્યાં મરેલા પશુઓના માંસના લોચા અને હાડકાં ખુલ્લેઆમ ઉલાળવામાં આવે છે.

આ કોઈ વૈજ્ઞાનિક નિકાલ નથી. પણ જનતાના આરોગ્ય સાથે રમાતી ક્રૂર મજાક છે. લોકોએ રજૂઆતમાં કહ્યું કે મહિનાની અંદર રહેણાંક વિસ્તાર પાસે મૃત પશુઓ નાખવાનું કાયમી ધોરણે બંધ કરી તેને અન્યત્ર ખસેડો. જો આગામી ૩૦ દિવસમાં આ બંને પ્રશ્નોનું નિરાકરણ નહી આવે. તો અમે અમારા બાળકો અને વૃદ્ધો સહિત "મ્યુનિસિપલ કમિશ્નર કચેરી" ખાતે કાયમી વસવાટ કરવા આવી જઈશું. જે ગામમાં શ્વાસ લેવો અશક્ય હોય ત્યાં રહેવા કરતાં તમારી ઓફિસમાં રહેવું વધુ સુરક્ષિત છે. તેમ ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

## જામનગરમાં સમસ્ત જૈન સમાજના તેજસ્વી તારલાઓનો સરસ્વતી સન્માન સમારોહ યોજાશે

જામનગર : જૈન એમ્પ્લોઈઝ ફેડરેશન દ્વારા જામમનગર શહેરના સમસ્ત જૈન સમાજના વિદ્યાર્થીઓ માટે સરસ્વતી સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે.

વર્ષ-૨૦૨૫ માં પાસ થનાર ધો. ૧૦ થી ૧૨ ફાઈનલ ગ્રેજ્યુએટ, ફાઈનલ વર્ષ પોસ્ટ ગ્રેજ્યુએશન કરેલ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવશે. તથા રાષ્ટ્રીય તથા રાજય કક્ષાએ સ્પોર્ટસ અથવા અન્ય કોઈ પ્રવૃત્તિમાં નંબર મેળવેલ હોય, તેવા વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવશે. વિદ્યાર્થીઓએ માર્કશીટની નકલ તા. ૨૩-જાન્યુઆરી-૨૦૨૬ સુધીમાં અજયભાઈ શેઠ, નવાનગર બેંક ભવન, બીજા માળે, પ્રણામી સ્કૂલની સામે (મો. ૯૮૨૫૫ ૧૫૬૩૩) ને સાંજે ૫ થી ૬ વાગ્યા સુધીમાં ધવલભાઈ વોરા (મંગલમ્ કન્સલ્ટન્સી) રતનબાઈ મસ્જિદ રોડ (મો. ૯૪૨૮૭ ૨૮૭૪૫), ને સાંજે ૪ થી ૬, અજયભાઈ શાહ તથા નયનભાઈ રિંડાણી, હરિયા કોલેજ (મો. ૯૮૨૫૯ ૯૦૨૨૬), સવારે ૧૧ થી ૧ દરમિયાન ધીરેનભાઈ મહેતા (પરફેક્ટ કન્સલ્ટન્સી સર્વિસ) ૧૦૭, માધવ કોમ્પલેક્ષ, ડીકેવી કોલેજ રોડ, જામનગરમાં સાંજે ૬ થી ૮, સંજીવભાઈ મહેતા નવાનગર બેંક આર.આર. શાળામાં બપોરે ૩ થી ૫, હરેશભાઈ દોશી (જૈન સ્ટોર્સ) ૬-પટેલ કોલોની, કો.કો. બેંક પાસે સાંજે ૬ થી ૮ સુધીમાં પહોંચાડવાની રહેશે.

જૈન એમ્પ્લોઈઝ ફેડરેશનના પ્રમુખ અજયભાઈ શેઠ, મંત્રી ધીરેનભાઈ મહેતા, પ્રોજેક્ટ કમિટીના ચેરમેન અજયભાઈ શાહ તેમજ સભ્યો પારસભાઈ મહેતા, હિતેષભાઈ મહેતા, ધવલભાઈ વોરા, સંજીવભાઈ મહેતા, રાજેશભાઈ શાહ, નિતીનભાઈ મહેતા અને દેવેનભાઈ વોરા આ માટે જહેમત ઉઠાવી રહ્યાં છે.

## બમથીયા-નાના ખડબા રોડનું થશે નવીનીકરણ

જામનગર : જામનગર જિલ્લાના જામજોધપુર અને લાલપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં માર્ગ સુધારણા માટે માર્ગ અને મકાન વિભાગ દ્વારા કુલ રૂ. ૪.૬૦ કરોડના ખર્ચે બે મહત્વના માર્ગોને મંજૂરી આપવામાં આવી છે. પ્રથમ, બમથીયા નાના ખડબા રોડ કે જે ૮.૧૦૦ કિમી લંબાઈ ધરાવે છે, તેના માટે રૂ. ૪૦૦.૦૦ લાખનો જોબ નંબર મંજૂર થયો છે. આ રસ્તો જામજોધપુરના બમથીયા અને લાલપુરના નાના ખડબા ગામને જોડતો અગત્યનો ગ્રામ્ય માર્ગ છે, જેની સપાટી લાંબા સમય અને ભારે વરસાદને કારણે ખરાબ થઈ ગઈ હતી. આ કામગીરીમાં માટીકામ, ડામર





કામ, સી.ડી. વોર્ક્સ, પૂર સંરક્ષણ દીવાલ તથા રોડ ફર્નિચરનો સમાવેશ થાય છે. આ કામગીરી પૂર્ણ થવાથી બમથીયા, નાના ખડબા, ભોજાબેડી અને ચોરબેડી સહિત આસપાસના તમામ ગામોના વાહન ચાલકોને આરામદાયક, સલામત અને ઝડપી મુસાફરીનો લાભ મળશે.

સાથે જ, બીજું કાર્ય મોટા પાંચસરા ટુ જોઈન એસ.એચ. રોડનું છે, જેની લંબાઈ ૧.૫ કિમી છે અને તેના માટે રૂ. ૬૦.૦૦ લાખ મંજૂર કરવામાં આવ્યા છે. આ રસ્તો મોટા પાંચસરા ગામને રાજય ધોરીમાર્ગ સાથે જોડતો અગત્યનો માર્ગ છે, અને આ રસ્તા પર ડામર કામ તથા રોડ ફર્નિચર દ્વારા સપાટી સુધારણાની કામગીરી કરવામાં આવનાર છે, જેનાથી મોટા પાંચસરા તરફ જતા આવતા વાહન ચાલકોને આરામદાયક મુસાફરીનો લાભ મળશે. પંચાયત માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઈજનેરશ્રી કે. બી. છૈયા તથા નાયબ કાર્યપાલક ઈજનેર બી.આર. વસરા દ્વારા આ બંને રસ્તાઓની સપાટી સુધારણાની કામગીરી સત્વરે હાથ ધરવામાં આવી છે અને તેને બનતી ત્વરાએ ઉચ્ચ ગુણવત્તા સાથે આ કામો પૂર્ણ કરાવવામાં આવનાર છે.

## જામનગરમાં ઈન્ટર ટીપીએસ ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રારંભ

જામનગર : ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લિમિટેડ કંપની દ્વારા ૧૮ મી ઈન્ટર ટીપીએસ ક્રિકેટ ટુર્નામેન્ટ નું આયોજન કરવામાં આવેલ જે અંતર્ગત આ ભવ્ય આયોજનનું યજમાનપદ જી.એસ.ઈસીએલ, ટીપીએસ સિક્કાને મળેલ છે.

આ ક્રિકેટ ટુર્નામેન્ટ તા. ૩.૧.૨૬ થી શરૂ થઈ તા.૮.૧.૨૬ ના રોજ સમાપન થશે અને સમગ્ર ગુજરાત ની જી.એસ.ઈ.સી.એલ. ની ૧૨ ટિમો જેમાં સિક્કા, વણાકબોરી, પાંધ્રો, સુરેન્દ્રનગર, ગાંધીનગર, ધુવારણ, કડાણા, ઉકાઈ, ઉતરાણ, સરદારસરોવર, ભાવનગર અને વડોદરા ની ટિમ આ ટુર્નામેન્ટ માં ભાગ લઈ રહેલ છે.

ટુર્નામેન્ટ ની પૂર્વ સંધ્યા એ સિક્કા ટીપીએસ ના આંગણે સર્વે ટિમો નું આગમન અને સ્વાગત સાથે



ટીપીએસ સિક્કા ના ચીફ એન્જીનયર અને રેક્રિએશન ક્લબ ના પ્રમુખ એચ ડી મુંધવા , ડીજીએમ અને ટુર્નામેન્ટ ના ક્ધવીનર ડી આઈ સિંધા , સુપ્રી. એન્જી. એસ એચ કહાર ,એન આર પટેલ , ડી કે વસાવા , ઈન્ચાર્જ એસ ઇ ડી એમ કડછા , બી ડી સનારીયા તથા રિક્રિએશન ક્લબ ના હોદેદારો ડી એમ ઝાલા, પી એમ જેઠવા, બી આઈ ગઢવી, ડી એચ નકુમ, ડી આર નાગાણી, વી એચ રાજ્યગુરુ, આર એન જાડેજા, વાય બી જાડેજા, જે આર કંચવા તથા અન્ય ઉપસ્થિત આમંત્રિત મહેમાનો અને કર્મચારીગણ ની હાજરી માં દરેક ટિમ ના ટીશર્ટ નું અનાવરણ અને ત્યારબાદ ચેમ્પિયન ટ્રોફી અને વિવિધ ઈનામો નું અનાવરણ કરવામાં આવેલ. સવારે ટીપીએસ ના વડા ચીફ એન્જી. એચ ડી મુંધવા અન્ય ઉચ્ચ અધિકારીગણ રિક્રિએશન ક્લબ ના હોદેદારો, તથા કર્મચારીગણ અને કોલોની પરિવારજનો ની બહોળી હાજરી માં ૬ દિવસ ની ઈન્ટર ટીપીએસ ક્રિકેટ ટુર્નામેન્ટ એચ ડી મૂંધવા એ દીપ પ્રાગટય, રીબીન કટિંગ કરી નવી ક્રિકેટ પીચ નું અનાવરણ કરેલ અને પ્રાસંગિક ઉદબોધન કરી પ્રથમ બોલ રમી ટુર્નામેન્ટ નું શુભારંભ કરાવેલ. આ ટુર્નામનેન્ટ લીગ ફોર્મેટ માં રમાનારી છે અને તા. ૮ ના ફાઈનલ મેચ રમાડવામાં આવશે. તેમ એન ડી ત્રિવેદી ની યાદી માં જણાવેલ છે.

## યુવા સારથી ફાઉન્ડેશન દ્વારા સર્વરોગ નિદાન કેમ્પમાં ૫૦૦ દર્દીઓએ લીધો લાભ

જામનગર : જામનગરમાં યુવા સારથી ફાઉન્ડેશનના પ્રણેતા તેમજ સમાજ સેવા માટે હર હમેશ તત્પર રહેનાર સાગરભાઈ બોદર દ્વારા ગત રવિવાર તારીખ ૪-૧ ના રોજ આહિર સમાજ વાડી, અન્ડર બ્રીજ રોડ, સમર્પણ સર્કલ ખાતે સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન કરાયું હતું,

આ કેમ્પમાં અનુભવી નિષ્ણાંત તબીબો દ્વારા નિદાન તથા સારવાર નિઃશુલ્ક આપવામાં આવી હતી, જેમાં સ્ત્રી રોગ, બાળરોગ, હાડકા, ફેફસાં, સર્જન, ડાયાબિટીસ બીપી, આંખ, દાંત, આયુર્વેદ, હોમીયોપેથ વગેરે જેવા વિભાગો દ્વારા સેવા આપવામાં આવી, સાથે નિઃશુલ્ક દવા વિતરણ પણ કરાયું અને લેબોરેટરીની સેવા પણ રાહત દરે આપવામાં આવેલ, કેમ્પમાં આશરે ૫૦૦ દર્દીઓએ સેવાનો લાભ લીધો હતો, કેમ્પના સુચારુ સંચાલનના ભાગરૂપે સંયોજક ડૉ. જીતેન્દ્ર નળિયાપરા તેમજ સમગ્ર ટીમનો સાગર ભાઈએ આભાર માન્યો હતો.



## જામનગરના NCC કેડેટની દિલ્હી ખાતે ૨૬મી જાન્યુઆરીની પરેડ માટે પસંદગી કરાઈ

જામનગર : આગામી ૨૬મી જાન્યુઆરી, ૨૦૨૬ના પ્રજાસત્તાક દિન નિમિત્તે દિલ્હીના ઐતિહાસિક કર્તવ્ય પથ પર યોજાનાર પરેડમાં જામનગરની આઈ.ટી.આઈ.ના તાલીમાર્થી અને દ્મઝ્ઝ કેડેટ બાંભવા સોમ વિરમભાઈની પસંદગી કરવામાં આવી છે. આ સિદ્ધિ બદલ તેમણે સમગ્ર જામનગર જિલ્લાનું નામ રાષ્ટ્રીય સ્તરે રોશન કર્યું છે.

આઈ.ટી.આઈ. જામનગરના મિકેનિક મોટર વેહિકલ ટ્રેડમાં અભ્યાસ કરતા અને ૨૭-ગુજરાત બટાલિયન દ્મઝ્ઝ જામનગરના કેડેટ એવા બાંભવા સોમની પસંદગી તેમની સખત મહેનત અને શિસ્તને આધારે થઈ છે. આ ગૌરવવંતી પરેડમાં ભાગ લેવાની સાથે-સાથે તેમને રાષ્ટ્રપતિ તથા વડાપ્રધાન દ્વારા આયોજિત ખાસ ભોજન સમારંભ માટે પણ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે, જે એક કેડેટ માટે સર્વોચ્ચ સન્માન સમાન છે.

કેડેટ બાંભવા સોમને આ સ્તર સુધી પહોંચાડવા માટે ૨૭-ગુજરાત બટાલિયનના દ્મઝ્ઝ પી.આઈ. સ્ટાફ, સિનિયર કેડેટ્સ તથા લેફ્ટનન્ટ રમેશ જોષી દ્વારા અત્યંત સઘન તાલીમ આપવામાં આવી હતી. આ સિદ્ધિ બદલ સંસ્થાના ટ્રેડ ઈન્સ્ટ્રક્ટર પવન ગઢવી, પ્રિન્સિપાલ આર. એસ. ત્રિવેદી, પ્રિન્સિપાલ જે. આર. શાહ તેમજ ૨૭-ગુજરાત બટાલિયનના કમાન્ડિંગ ઓફિસર લેફ્ટનન્ટ કર્નલ શોભા નાયર દ્વારા કેડેટ સોમને ઉષ્માભર્યા અભિનંદન પાઠવવામાં આવ્યા છે અને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ વ્યક્ત કરવામાં આવી છે.

## ભાટીયા : સોનગરા પરિવાર દ્વારા સમસ્ત સતવારા તથા બ્રહ્મ સમાજ અને સાધુ સમાજ સમુહ જ્ઞાતિ પ્રસાદ

ભાટીયા : ભાટીયાના સ્વ. વલ્લભભાઈ અરજીતભાઈ સોનગરા પરીવાર દ્વારા તા. ૯ જાન્યુ. અને ૧૦ જાન્યુ. બે દિવસ ધાર્મિક ઉત્સવ સતવારા સમાજ લક્ષ્મણવાડી ખાતે યોજાશે.

જેમાં તા. ૯ના બપોરે ૧૨ વાગ્યે સમસ્ત ભાટીયા ગામના બ્રહ્મસમાજ તેમજ સાધુ સમાજની ભોજન પ્રસાદી તા. ૧૦ના સવારથી કનકપર ગામની પ્રખ્યાત રાસ મંડળી યોજાશે અને બપોરે ૧ વાગ્યે લોટી ઉત્સવ તથા તા. ૯ના સાંજે ૬ વાગ્યે અને તા. ૯ના સાંજે ૫ વાગ્યે જ્ઞાતિ સમુહ ભોજન સહીતના બે દિવસના વિવિધ ધાર્મિક પ્રસંગો સોનગરા પરીવાર દ્વારા ભાટીયાના આંગણે યોજાશે.

આ ધાર્મિક પ્રસંગનું આયોજન સોનગરા પરીવારના રણમલભાઈ પ્રેમજીભઈ, લક્ષ્મણભાઈ વિઠ્ઠલભાઈ રાજેશભાઈ, મયૂરભાઈ સહીત પરીવારજનો દ્વારા કરવામાં આવેલ છે.

## દ્વારકા તાલુકા કક્ષાનો સ્વાગત કાર્યક્રમ યોજાશે

દ્વારકા : લોકોના પ્રશ્નો, ફરિયાદો કે રજૂઆતો સ્થાનિક કક્ષાએ જ અસરકારક અને ન્યાયપૂર્ણ રીતે હલ રીતે થઈ શકે તે હેતુથી તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજવામાં આવે છે. દ્વારકા તાલુકાનો જાન્યુઆરી માસનો સ્વાગત કાર્યક્રમ તા.૨૮/૧/૨૦૨૬ના રોજ સવારે ૧૧ વાગ્યે મામલતદાર કચેરી, દ્વારકા ખાતે યોજાશે.

તાલુકા સ્વાગત કાર્યક્રમમાં અરજી કરતાં પહેલા અરજદારે ગ્રામ, તાલુકા કક્ષાએ અરજી કરેલી હોય અને તે અનિર્ણિત હોય તો અરજી કરી શકાશે. અરજદારે ગ્રામ, તાલુકા કક્ષાએ અરજી કરેલ હોવાના આધાર પુરાવા સાથે તાલુકા સ્વાગત કાર્યક્રમના મથાળા હેઠળ અરજી કરવાની રહેશે. અરજીમાં મોબાઈલ નંબર અચૂક દર્શાવવાના રહેશે. આ કાર્યક્રમમાં તાલુકા કક્ષાએ નિર્ણય લઈ શકાય તેવા પ્રશ્નો રજૂ કરી શકાશે. અરજદાર જાતે આધાર પુરાવા સાથે પોતાના પ્રશ્નો રજૂ કરી શકશે. આ કાર્યક્રમમાં અરજદાર એક જ વિષયને લઇ રજૂઆત કરી શકશે, સામુહિક રજુઆતો કરી શકશે નહિ. અરજદારો કચેરીમાં તા.૧૦/૧/૨૦૨૬ સુધી પ્રશ્નો રજૂ કરી શકશે તેમ મામલતદાર, દ્વારકાની યાદીમાં જણાવાયું છે.

### ધીરુભાઈ અંબાણીની જન્મ જયંતી નિમિતે

## રિલાયન્સ દ્વારા વિકાસલક્ષી કામોના ખાતમુહૂર્ત, સહાય વિતરણ સહિતના કાર્યક્રમો યોજાયા








જામનગર : રિલાયન્સ ઈન્ડ્રસ્ટ્રીઝ લિમિટેડના સંસ્થાપક અને દિર્ઘદ્રષ્ટા ધીરુભાઈ અંબાણીની જન્મ જયંતી નિમિતે ગ્રુપ પ્રેસિડેન્ટ ધનરાજભાઈ નથવાણીના માર્ગદર્શન તળે દર વર્ષની જેમ આ વર્ષે પણ રિફાઈનરીની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં વિવિધ વિકાસ કામોના ખાતમુહૂર્ત- શિલાન્યાસ, લોકાર્પણ-અર્પણવિધી અને સાધન-સહાય વિતરણ સહિત અનેકવિધ લોકાભિમુખ કાર્યક્રમો યોજાયા હતા.

ધીરુભાઈ અંબાણીની જન્મજયંતી પૂર્વે બેડ ગામે કંપનીના સામાજિક ઉતરદાયિત્વ કાર્ય અન્વયે તૈયાર થનાર હાઈસ્કૂલની ખાતમુહૂર્ત વિધિ યોજાઈ હતી. પર્યાવરણ મિત્ર (ગ્રીન) ડિઝાઈનથી નિર્માણ પામનારી આ શાળામાં ૬ વર્ગખંડ, પ્રિન્સિપાલ અને સ્ટાફ રૂમ, વિદ્યાર્થિનીઓ-વિદ્યાર્થીઓ અને સ્ટાફ માટે અલગ-અલગ સેનિટેશન સુવિધાઓની સાથોસાથ કમ્પાઉન્ડ વોલ અને આકર્ષક પ્રવેશ દ્વાર બનાવવામાં આવશે. ઉપરાંત શાળામાં સોલાર પાવર સિસ્ટમ, ફાયર ફાઈટિંગ સિસ્ટમ, સીસીટીવી કેમેરા સહિતની આધુનિક સુવિધાઓ અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે વિજ્ઞાન પ્રયોગશાળા, રમતગમત અને સંગીતના સાધનો તથા શાળા ફર્નિચર પણ રિલાયન્સ ઈન્ડ્રસ્ટ્રીઝ દ્વારા પૂરુ પાડવામાં આવશે.

જયારે, મોટી ખાવડી ખાતે બાલિકાઓમાં રમતગમત પ્રત્યે રસ વધારવા તથા તેમને રમત-ગમત ક્ષેત્રે આગળ વધવાની તક પૂરી પાડવાના હેતુથી રિફાઈનરી નજીક આવેલા ગામોની ૧૨ સરકારી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતી ધો.૫થી ૮ની વિદ્યાર્થિનીઓ વચ્ચે ધીરુભાઈ અંબાણી ગર્લ્સ ક્રિકેટ ટુર્નામેન્ટ—૨૦૨૫ યોજાઈ હતી. નોકઆઉટ પદ્ધતિએ યોજાયેલી ટેનિસ બોલ ટુર્નામેન્ટમાં પ્રત્યેક ક્લસ્ટરની છ લેખે બે ક્લસ્ટરની ૧૨ ટીમો વચ્ચે વચ્ચે રસાકસીભરી મેચો રમાઈ હતી. અંતે ફાઈનલમાં મેઘપર તાલુકા શાળાની ટીમે મોટીખાવડી કન્યા પ્રાથમિક શાળાની ટીમને હરાવી ટુર્નામેન્ટમાં વિજય મેળવ્યો હતો. બાળિકાઓમાં ખેલભાવના અકબંધ રહે તે માટે તમામ ટીમોને ક્રિકેટની કીટ સહિતના સાધનો ભેટ આપવામાં આવ્યા હતા. આ વેળાએ સહભાગી શાળાના વિદ્યાર્થીઓ, વાલીઓ, ગ્રામજનો, મેઘપર અને મોટીખાવડીના સીઆરસી કો-ઓર્ડિનેટર, શિક્ષકો, મોટીખાવડીના સરપંચ, તાલુકા પંચાયતના સદસ્યો તથા રિલાયન્સ પરિવારના આમંત્રિતો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત તમામે રિલાયન્સ ઈન્ડ્રસ્ટીઝની આ પ્રવૃતિઓને બિરદાવી હતી.

ઉપરાંત, બેડ, ગાગવાધાર, મુંગણી, જોગવડ, સિક્કા પંચવટી, વચ્છરાજ બિમાર ગાય ગૌશાળા તથા જૂનાગઢની મેંદપરાની મળી કુલ સાત ગૌશાળા ખાતે ૧૪ હજાર કિલો લીલા ઘાસચારાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાથે સિક્કા ખાતે ખારાઈ ઊંટ સંભાળ શિબિર યોજી ૧૩૪ ઊંટોને સારવાર આપવામાં આવી હતી. તો, જામનગર સ્થિત ૧૧ સામાજિક સંસ્થાઓ, વૃદ્ધાશ્રમો, ખાસ કરીને દિવ્યાંગ શાળા તાલીમ કેન્દ્રોને કરિયાણા સહાય, નવાણિયા ગૌશાળાનું હસ્તાંતરણ, ગ્રામીણ મહિલા જૂથ ઉદ્યોગ સ્વશ્રયને ઓટોમેટિક નાસ્તા પેકિંગ મશીન સહાય તથા રિલાયન્સ દ્વારા સંચાલિત અલગ-અલગ ચાર ઝૂંપડપટ્ટી વિસ્તારની આંગણવાડીને બ્લૂટૂથ સ્પીકર અર્પણ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓને ૨૧ સ્માર્ટ એન્ડ્રોઈડ ટીવી અર્પણ કરવા સહાય મંજૂર કરવામાં આવી હતી. આ સાથે કંપનીના સીએસઆર ફંડમાંથી જુનાગઢ જિલ્લાના કરિયા ગામે સ્મશાનઘાટ તથા પસવાડા માધ્યમિક શાળામાં ટોઈલેટ બ્લોક્સનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

## અવસાન નોંધ

**જામનગર :** અશોકભાઈ ભાણજીભાઈ રાયઠઠ્ઠા તે અશ્વિનભાઈના મોટાભાઈ તથા હર્ષકુમાર રીમા મીરાના પિતા તથા જીલ, કુનાલના કાકા તથા અજય અમૃતલાલ સચદેવના સસરા તથા મોહનલાલ લાધાણીના જમાઈનું તા. ૮ને ગુરુવારના રોજ અવસાન થયું છે. સદગતનું ઉઠમણું તથા શ્વસુરપક્ષની સાદડી તા. ૧૦ને શનિવારે ૪થી ૪:૩૦ પાબારી હોલ, જામનગર ખાતે ભાઈઓ-બહેનો માટે રાખેલ છે.

## હેપ્પી બર્થ-ડે

## ધ્રોલના પત્રકાર ભગીરથસિંહ જાડેજાનો આજે જન્મદિવસ



ધ્રોલ : ધ્રોલ 'ક્રાઈમ પડકાર ન્યૂઝ'ના રિપોર્ટર ભગીરથસિંહ જાડેજાનો આજે જન્મદિવસ છે. મૂળ મોરાર સાહેબના ખંભાળિયાના વતની અને હાલ ધ્રોલમાં કાર્યરત ભગીરથસિંહે પોતાની નિડર પત્રકારત્વથી ટૂંકા ગાળામાં મોટી ઓળખ બનાવી છે. આજે તેમનો જન્મદિવસ છે. તેમના મો. ૯૬૩૮૧૮૦૦૮૦

# સલાયામાં લગ્ન પ્રસંગમાં આખલો ઘુસી જતા નાચી રહેલ ૭ જાનૈયાઓને હડફેટે લેતા ઘાયલ

સલાયા : સામાન્ય રીતે મોટાભાગે રોડ રસ્તા ઉપર રખડતા પશુઓનો ત્રાસ જોવા મળતો હોય છે અને આવા રખડતા પશુઓ કેટલાય રાહદારીઓ, વાહનચાલકોને હડફેટે લેતા હોય છે. જેમાં ઘણા લોકોને જિંદગી ગુમાવવાનો વારો આવ્યાના પણ અનેક ગંભીર બનાવ બનાવ બનવા પામ્યા છે. જે અહેવાલો મીડિયામાં પ્રસિદ્ધ થયા બાદ તંત્ર દોડતું થાઈ છે. અને નામ પૂરતી કામગીરી કરી ફરીથી હતી એની એ સ્થિતિ સર્જાઈ છે. પછી રાબેતા મુજબ રખડતા પશુઓના ત્રાસ ચાલુ રહે છે.

આવી એક ઘટના સલાયામાં બની છે જેમાં ગઈકાલે સાંજે એક લગ્ન પ્રસંગમાં ક્યાંકથી રખડતો આખલો ચડી આવ્યો હતો અને બજારમાં ડીજેના સથવારે જાનૈયાઓ નાચતા હોય દરમિયાન અચાનક ધસી આવેલા આખલાએ રીતસરનો આતંક મચાવ્યો હતો અને અનેક જાનૈયાઓને હડફેટે લેતા સાત થી આઠ લોકોને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી જે પૈકી બે જાનૈયાઓને વધુ સારવાર અર્થે ખંભાળિયા હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે.



તસવીર : આનંદ લાલ-સલાયા



પ્રાપ્ત માહિતી અનુસાર સલાયા ખાતે એક પરિવારને ત્યાં લગ્ન પ્રસંગ યોજાયો હોય અને ગઈકાલે સાંજના સમયે જાન બજારમાં જઈ રહી હતી દરમિયાન ખુશીથી જાનૈયાઓ જાનમાં ડીજેના સથવારે નાચતા હતા પરંતુ આ વેળાએ એકાએક રખડતો આખલો બજારમાં ધસી આવ્યો હતો જેથી જાનૈયાઓમાં ભારે અફડાતફડી મચી ગઈ હતી અને ભાગાભાગી કરતા કેટલાય લોકો આખલાની હડફેટે ચડ્યા હતા જેમા સાત થી આઠ લોકોને ઈજાઓ પહોંચી હતી જે પૈકી બેને વધુ પડતી ઈજાના કારણે ખંભાળિયાની સરકારી હોસ્પિટલમાં તાત્કાલિક સારવાર અર્થે લઈ જવાયા હતા. આ બનાવથી લગ્ન પ્રસંગમાં પણ અફરા તફરીનો માહોલ સર્જાયો હતો. અને પ્રસંગ માણી રહેલા લોકો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા અને તંત્રને યોગ્ય કરવા માંગણી કરવામાં આવી હતી.

# જામનગરમાં 'હિટ એન્ડ રન'ની ઘટનામાં બુઝુર્ગનું ઘટના સ્થળેજ મૃત્યુ

## રણજીતસાગર પાસે રસ્તો ઓળંગી રહેલ વૃદ્ધને બાઈક ચાલકે કચડી નાખ્યા

જામનગર : જામનગરના રણજીતસાગર રોડ પર ગઈકાલે બપોરે હિટ એન્ડ રનની એક ઘટના બની હતી, અને રસ્તો ઓળંગી રહેલા એક બુઝુર્ગને મોટરસાયકલના ચાલકે હડફેટમાં લઈ કચડી નાખતાં તેઓને ગંભીર ઈજાઓ થતા તેમનું અંતરીયાળ મૃત્યુ નીપજ્યું છે.

આ અકસ્માતના બનાવની વિગત એવી છે કે જામનગરમાં માધવ ટાઉનશિપમાં રહેતા શાંતિલાલભાઈ રાણાભાઇ મારુ નામના ૫૦ વર્ષના પ્રૌઢએ સિટી એ. ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ કરી જણાવ્યું છે, કે પોતાના મોટાભાઈ દેવશીભાઈ રાણાભાઇ મારુ (૬૫) ગઈકાલે બપોરે ૩.૩૦ વાગ્યાના અરસામાં રણજીત સાગર રોડ પર મારુ કંસારા હોલ પાસે રસ્તો ઓળંગી રહ્યા હતા, જે દરમિયાન જી.જે. ૧૦ ડી.એસ. ૭૪૪૯ નંબરના બાઈકના ચાલકે તેઓને હડફેટમાં લઈ લીધા હતા.

જે અકસ્માતમાં તેઓને માથાના ભાગે તેમજ શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજા થઈ હોવાથી તેઓનું અંતરિયાળ મૃત્યુ નિપજ્યું છે.

આ અકસ્માતના બનાવવા અંગે ખંભાળિયા ગેઈટ પોલીસ ચોકીના પી.એસ.આઇ એમ કે બ્લોચ તેમજ રાઇટર જયેશભાઇ વઢેલે જીજે ૧૦ ડી.એસ. ૭૪૪૯ નંબરના બાઈકના ચાલક સામે ગુનો નોંધ્યો છે, જ્યારે મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી છે.

# લાલપુરના પીપળી ગામે જમીનના ભાગના પ્રશ્ને પિતા-પુત્રને પતાવી દેવાની ધમકી

## કુટુંબી કાકા અને તેના જમાઈ સામે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી

જામનગર : જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના પીપળી ગામે રહેતા પિતા-પુત્રને જમીનના ભાગના પ્રશ્ને કુટુંબી કાકા અને જમાઈએ જાનથી પતાવી દેવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ લાલપુર તાલુકાના પીપળી ગામમાં રહેતા અને ખેતી કામ કરતા ભાવેશ પ્રતાપભાઈ ગોરાણીયા નામના ૨૨ વર્ષના ખેડૂત યુવાને પોતાને તેમજ પોતાના પિતા પ્રતાપભાઈને તલવારની આણીએ પતાવી દેવાની ધમકી આપવા અંગે પોતાના કુટુંબીકાકા મોટા બાપુ રામભાઈ ગોગનભાઈ ગોરાણીયા અને તેના જમાઈ રાજુભાઈ સાજણભાઈ ઓડેદરા સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદી અને આરોપી બંનેની ખેતીની જમીન બાજુ બાજુમાં આવેલી છે, અને જમીનના ભાગના પ્રશ્ને તેમજ તેના વેચાણના અઢી લાખ રૂપિયા આપવાના પ્રશ્ને કાકા ભત્રીજા વચ્ચે તકરાર થઈ હતી, અને આરોપી રામભાઈ પોતાના ઘરમાંથી તલવાર લઈ ને ધસી આવ્યો હતો. ઉપરાંત મોબાઈલ ફોન કરીને પોતાના જમાઈ રાજુભાઈને પણ બોલાવી લીધા હતા. જે પણ તલવાર સાથે આવી પિતા પુત્રને પતાવી દેવાની ધમકી આપતાં લાલપુર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવાઇ છે. એએસઆઇ ડી.ડી. જાડેજા વધુ તપાસ ચલાવે છે.

# ભાણવડના ભેનકવડમાં બોલેરો હડફેટે બાઈક ચાલક યુવાનનો ઘૂંટીથી ઉપરનો પગ કપાયો

ખંભાળિયા : ભાણવડ તાલુકાના ભેનકવડ ગામે બોલેરો ચાલકે રોંગ સાઈડમાં પોતાનું વાહન ચલાવી બાઈક ચાલક યુવાનને હડફેટે લઈ ગંભીર ઈજાઓ પહોચાડતા તેને સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે. આ બનાવ અંગે પોલીસે બોલેરો ચાલક સામે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ભાણવડ પંથકના ભેનકવડ ગામમાં રહેતો પંકજ કરસનભાઈ કદાવલા નામનો યુવાન પોતાનું જી. જે. ૧૦ એ. એચ. ૭૨૧૨ નંબરનું બાઈક ચલાવી ગામની સીમમાંથી જતો હોય આ વેળાએ જી. જે. ૦૭ યુ.યુ. ૪૩૯૯ નંબરના બોલેરો પીકઅપ વાહન ચાલકે રોંગ સાઈડમાં ચલાવી બાઈક સાથે અથડાવતા પંકજભાઈનો જમણો પગ ઘૂંટીથી ઉપરનો ભાગ કપાઈ ગયેલ અને માથાના ભાગે પણ ગંભીર ઈજા થતા તેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવાયો હતો. બીજીબાજુ આ બનાવ અંગે ઈજાગ્રસ્તના પિતા કરસનભાઈ વજસીભાઈ કાદવલાએ બોલેરો ચાલક સામે ભાણવડ પોલીસમાં ફરિયાદ નોંધાવતા એ. એસ. આઈ. ડી. જે. ઓડેદરા આગળની તપાસ ચલાવી રહ્યા છે.

# જામનગરમાં ધો.૧૨નો વિદ્યાર્થી એકાએક લાપતા થતા પરિવાર ચિંતામાં મુકાયો

જામનગર : જામનગરમાં રહેતો અને ધોરણ ૧૨માં અભ્યાસ કરતો એક વિદ્યાર્થી ઘરેથી નીકળી એકાએક લાપતા થઈ જ્યાં પરિવાર ચિંતામાં મુકાઈ ગયો છે. જ્યારે આ બનાવ અંગે પોલીસને જાણ કરાતા શોધખોળ હાથ ધરાય છે.

પ્રાપ્ત માહિતી મુજબ જામનગરમાં હવાઈ ચોક નજીક સોની ફળીમાં શિવ એપાર્ટમેન્ટમાં રહેતા વિશાલભાઈ ગુણવંતરાય ગોપીયાણીનો ૧૯ વર્ષનો વર્ષનો પુત્ર સુજલ કે જે ધોરણ ૧૨ માં



અભ્યાસ કરે છે, જે પોતાના ઘેરથી કોઈને જાણ કર્યા વગર એકાએક નીકળી ગયો હતો, અને તેનો ક્યાંય પતો સાંપડ્યો ન હતો.

પરિવારજનો દ્વારા સગા સંબંધીઓ અને અન્ય કુટુંબીજનો, મિત્રવર્તુળને ત્યાં શોધખોળ કર્યા છતાં પણ તેની કોઈ જાણકારી નહી મળતાં આખરે બીનાબેન રવિભાઈએ જામનગરના સીટી એ. ડિવિઝન પોલીસ મથકમાં ગુમ નોંધ કરાવી છે. જેને પોલીસ હેડ કોન્સ્ટેબલ એમ આર પરમાર શોધી રહ્યા છે.

# દ્વારકાધીશ જગતમંદિરમાં અંતિમ ધનુર્માસ ઉત્સવ ઉજવાયો



દ્વારકા : હાલમાં ચાલી રહેલા ધનુર્માસ અનુસંધાને દ્વારકાધીશ જગતમંદિરમાં ગઈકાલે ધનુર્માસની ચાર તિથિઓમાં પૈકીના ચતુર્થ અને આ વિક્રમ સંવતના અંતિમ ધનુર્માસ ઉત્સવની ઊજવણી કરવામાં આવી હતી. વહેલી સવારે ૫:૩૦ કલાકે કડકડતી ઠંડીમાં પણ ભાવિકોની ભારે ભીડ જગતમંદિરમાં જોવા મળી હતી.

# જામનગરમાં ટ્રાફિકશાખાના મહિલા પીએસઆઈની ફરજમાં રૂકાવટ

## ગોકુલનગર પાસે ટ્રાફિક શાખાની કામગીરી દરમિયાન બે શખ્સે બોલાચાલી કરતા ફરિયાદ

જામનગર : જામનગરમાં ગોકુલનગર જકાત નાકા પાસે ટ્રાફિક શાખાના મહિલા પીએસઆઇ સાથે કાર ચાલક બે શખ્સોએ બોલાચાલી કરી ફરજમાં રુકાવટ કરતા બંને સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર જામનગરમાં ટ્રાફિક શાખામાં પીએસઆઇ તરીકે ફરજ બજાવતા મીનાબા વાળા ગોકુલ નગર જકાતનાકા પાસે ટ્રાફિકની કામગીરી કરતા હોય એ સમયે જી. જે. ૧૦ ઈ. સી. ૨૨૧૧ નંબરવાળી સ્કોર્પીયો કાર ટ્રાફિકને અડચણરૂપ થાય તે રીતે રાખી અને બિનજરૂરી હોર્ન વગાડી ફરજમાં હાજર રહેલ પીએસઆઈ તથા ટ્રાફિક શાખાના અન્ય કર્મચારી સાથે મયુર ગોકુલભાઈ માળીયા અને ભવ્યરાજસિંહ ગોહિલ નામના બન્ને શખ્સે બોલાચાલી કરી કાયદેસરની ફરજમાં રૂકાવટ કરતા પીએસઆઇ મીનાબા વાળા દ્વારા આ બન્ને શખ્સ સામે સિટી સી ડિવિઝન પોલીસ મથકે વિધિવત ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

# ઓખાના દરિયામાં ડુબી જવાથી અજાણ્યા આધેડનુ નિપજ્યું મોત

દ્વારકા : ઓખાના દરિયાઈ વિસ્તારમાં એક અજાણ્યા વ્યક્તિનું ડૂબી જવાથી મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવની જાણ થતા સ્થાનિક પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને વધુ તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ઓખાના દરિયાઈ વિસ્તારમાં ગત તારીખ ૮ ના રોજ સાંજના ચાર વાગ્યાના સુમારે એક અજાણ્યા આશરે ૫૦ વર્ષના આધેડનું દરિયાના પાણીમાં કોઈપણ રીતે પડી જતા અને ડૂબી જવાથી મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવની ઓખા મરીન પોલીસને પૃથ્વીરાજસિંહ વનરાજસિંહ જેઠવાએ જાણ કરતા એ. એસ. આઈ. આર. ડી. બઠિયા આગળની તપાસ ચલાવી રહ્યા છે.

# જામનગરમાં પારકી પરણીતા સાથેની મિત્રતામાં બે પરિવારો વચ્ચે દંગલ: સામસામે પોલીસ ફરિયાદ

જામનગર : જામનગરના શંકર ટેકરી વિસ્તારમાં રહેતા એક યુવાનને પાડોશમાં રહેતી પરણીતા સાથે મિત્રતા કેળવવી ભારે પડી છે, અને બંને પરિવારો વચ્ચે દંગલ થયું છે, અને સામસામે હુમલા પથ્થરમારા થવાથી બંનેના મકાનોમાં અને વાહનોમાં નુકસાન થયાની ફરિયાદ પોલીસમાં નોંધાવાય છે.

જામનગરમાં શંકર ટેકરી શેરી નંબર બે માં રહેતા અને પાનની દુકાન ચલાવતા અભય ઉર્ફે પ્રફુલ વિજયભાઈ વરાણીયા નામના ૧૯ વર્ષના કોળી યુવાને પોતાના ઘર ઉપર પથ્થરમારો કરી સોડા બાટલીના ઘા કરી મકાનમાં તેમજ બહાર પડેલા વાહનોમાં નુકસાની પહોંચાડવા અંગે પાડોશમાં રહેતા શાહુ સંધી, હાર્દિક આહીર, જયદીપસિંહ જાડેજા, નીતિનભાઈ સિંગરખીયા વગેરે ચાર વ્યકતિ સામે ફરિયાદ નોંધાવી છે.

પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદીના ભાઈ જગદીશને અગાઉ આરોપીની પત્ની સાથે વાતચીત સહિતના અન્ય વ્યવહારો હોવાથી તેમજ હજુ પણ બંને વચ્ચે વાતચીત થતી હોવાનો વહેમ રાખીને ચારેય શખ્સો એ ઘર પર ધસી આવી હલ્લો મચાવ્યો હતો, અને ઘર અને વાહનમાં તોડફોડ કરી હતી જે અંગે સીટી સી. ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

આ ઉપરાંત સામા પક્ષે અમીનાબેન શેર મહંમદ ભાઈ નામની મહિલાએ પોતાના ઘર ઉપર તેમજ ઘરની અંદર ટીવી એસી ફ્રીજ સહિતના માલસામાનમાં તોડફોડ કરી નુકસાની પહોંચાડવા અંગે વિજય કેશુભાઈ વરાણીયા, અભય વિજયભાઈ વરાણીયા, બેનાબેન રોહિતભાઈ લીંબડ, રોહિત કાજલબેન, રાહુલભાઈ વરાણીયા, સીમાબેન વિજયભાઈ વરાણીયા, જયેશ ગોરધનભાઈ દિહોરા, રાહુલ રાજેશભાઈ વરાણીયા, વાસંતીબેન દેવજીભાઈ વરાણીયા, પૂજાબેન રાજેશભાઈ વરાણીયા, અને જશુબેન સુરેશભાઈ પરમાર સહિત ૧૧ સ્ત્રી પુરુષો સામે ફરિયાદ નોંધાવી છે. જે મામલે પોલીસ વધુ તપાસ ચલાવે છે.

# દ્વારકામાં ગીર્દીનો લાભ ઉઠાવી સોનાના ઘરેણાંની તફડંચી કરતી રાજસ્થાની ગેંગની ૧૫ મહિલા ઝડપાઈ

## ત્રણ ચેઈન, એક મંગળ સૂત્ર સહિત કુલ રૂ. ૮.૪૦ લાખનો મુદ્દામાલ કબ્જે

દ્વારકા : યાત્રાધામ દ્વારકામાં ભાવિકોની ભારે ભીડ વચ્ચે દર્શનાર્થી મહિલાઓના ગળામાંથી સોનાનો ચેઈન અને મંગલસુત્રની તફડંચી થયાનો બનાવ બહાર આવ્યો હતો. જેમાં પોલીસે પરપ્રાંતિય ગેંગને દબોચી લીધી હતી અને તેઓ પાસેથી સોનાના ત્રણ ચેઈન, એક મંગલસુત્ર સહિત રૂા. ૮.૪૦ લાખનો મુદામાલ કબજે કરી રાજસ્થાનની પંદર મહિલાઓને અટક કરી છે.



મળતી વિગત અનુસાર દ્વારકામાં ધનુર્માસ ઉત્સવના ખાસ દિવસોમાં ભાવિકોની સવિશષ ભીડ જોવા મળે છે ત્યારે વ્યાપક ગીર્દીનો લાભ લઈ તસ્કરો પણ સક્રિય બન્યા હોય તેમ તાજેતરમાં જ દર્શનાર્થી મહિલાઓના સોનાના ચેઈન અને મંગલસુત્રની તફડંચી થયાની ફરીયાદ પોલીસ મથકે નોંધાઇ હતી. જેની પીઆઇ આકાશ બારસીયાના માર્ગદર્શન હેઠળ પોલીસે તપાસ શરૂ કરી હતી.જેમાં સર્વેલન્સ ટીમે હ્યુમન સોર્સિસ અને ટેકનિકલ એનાલીસીસ કરી ઉઠાવગીરોના સગડ દબાવ્યા હતા જે દરમિયાન પોલીસે ચોકસસ બાતમીના આધારે રાજસ્થાનની રહેવાસી પંદર મહિલાઓને ઝડપી લઈ તેના કબજામાંથી ચોરાઉ મનાતા ત્રણ સોનાના ચેઈન અને એક મંગલસુત્ર સહિત રૂા. ૮.૪૦ લાખની કિંમતના દાગીના કબજે કર્યા હતા. અને વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસે ઝડપી પડેલા મહિલાઓમાં કુમકુમ કિશન જાટપ, મંજુ સંજય જાટપ, મીથીલેસ મદનસિંહ જાટપ, સાવીત્રી શ્યામસિંહ જાટપ, ઉર્મલા ચંદન જાટપ, ઓમવતી સુરજનસિંહ જાટપ, કાલી સતીષ બાવરી, રજની સુરેન્દ્રસિંહ ઉર્ફે દિપક બાવરીયા, સુનીતા બાલા બાવરી, સંજના રવી બાવરી, રૂમા રાજવીર બાવરી, મીનારાની રતનસિંગ બાવરીયા, જ્ઞાનદેવી ગણેશી સોરન બાવરીયા, મંજુર ઉતમરામ બાવરીયા અને વીરવતી પોહપસિંહ જાટપનો સમાવેશ થાય છે.


